### બંદર રોડ, કાલિયાવાડી, ભેંસતખાડા સહિતના વિસ્તારોમાં માલસામાન બરબાદ થઈ ગયો

# નવસારીમાં પૂર બાદના વિનાશક દ્રશ્યો

**કાદવ**-ગંદકી વચ્ચે જીવન પુનઃ ધમધમાવવાનો પડકાર

નવસારી : નવસારીમાં કુદરતનો કહેર શાંત પડ્યો છે અને પૂર્ણા નદીના પૂરના પાણી ધીમે-ધીમે ઓસરી રહ્યા છે, પરંતુ શહેર અને આસપાસના વિસ્તારોમાં પૂરે છોડી ગયેલા વિનાશના ઘા હજુ પણ તાજા છે. ઘરોમાંથી પાણી નીકળી ગયા બાદ કાદવ, ગંદકી અને બરબાદ થયેલી ઘરવખરી વચ્ચે હજારો પરિવારો માટે જીવન ફરી શરૂ કરવું સૌથી મોટો પડકાર બન્યો છે. અંદાજે ૫૦ હજારથી વધુ લોકો આ આપત્તિથી પ્રભાવિત થયા છે.



બંદર રોડ, કાલિયાવાડી, શાંતાદેવી રોડ, ભેંસતખાડા અને રીંગરોડ સહિતના અનેક વિસ્તારોમાં રસ્તાઓ કાદવથી ઢંકાઈ ગયા છે. ઘરો અને દુકાનોમાં ભરાયેલા કચરાને દૂર કરવા લોકો દિવસ-રાત મહેનત કરી રહ્યા છે. અનેક પરિવારોની વર્ષોની કમાણી અને વાહનો પાણીમાં નાશ પામતા લોકો આર્થિક અને માનસિક આઘાતમાં સરી પડ્યા છે.

બીજી તરફ, વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સફાઈ અભિયાન, કાદવ હટાવવા, જંતુનાશક દવાનો છંટકાવ અને આરોગ્ય તપાસની કામગીરી સતત ચલાવવામાં આવી રહી છે, જેથી જનજીવન વહેલી તકે પૂર્વવત્ થઈ શકે.

# ભારતીય સેના મોતના મોઢામાંથી 63 જિંદગીઓને પાછી લાવી

**નવસારીમાં** પૂરની વિપત્તિ વચ્ચે ભારતીય સેનાની દેવદૂત સમાન કામગીરી

**વૃદ્ધો**, મહિલાઓ અને બાળકોને બચાવવા સાથે ખાદ્યસામગ્રી અને દવાઓનું વિતરણ કર્યું



નવસારી : ભારે વરસાદ બાદ નવસારી જિલ્લામાં સર્જાયેલી જળપ્રલય જેવી વિકટ પરિસ્થિતિમાં ભારતીય સેનાની મરાઠા યુનિટે સમયસર મેદાનમાં ઉતરી 63 નાગરિકોના જીવ બચાવી માનવસેવા અને શૌર્યનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. 24 અને 25 જુલાઈ દરમિયાન રિંગ રોડ, ટાટા હાઈસ્કૂલ અને આસપાસના જળમગ્ન વિસ્તારોમાં ચલાવવામાં આવેલા વિશેષ બચાવ અભિયાનમાં પાણીથી ઘેરાયેલા પરિવારોને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા.

પૂરના પ્રચંડ પ્રવાહ વચ્ચે સેનાના જવાનોએ જીવના જોખમે બોટ અને અન્ય સાધનોની મદદથી લોકોને બહાર કાઢ્યા હતા. બચાવાયેલા નાગરિકોમાં વૃદ્ધો, મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થતો હતો. મુશ્કેલીની આ ઘડીએ સેનાએ માત્ર બચાવ કામગીરી જ નહીં, પરંતુ અસરગ્રસ્ત પરિવારો સુધી ખાદ્યસામગ્રી, પીવાનું શુદ્ધ પાણી અને જરૂરી દવાઓ પહોંચાડીને માનવતાની મિસાલ પણ કાયમ કરી હતી.

બીજી તરફ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ રાહત અને પુનઃસ્થાપનની કામગીરી સતત તેજ કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સફાઈ, કાટમાળ દૂર કરવાની કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ અને આરોગ્યલક્ષી પગલાં યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહ્યા છે, જેથી જનજીવન ઝડપથી સામાન્ય બની શકે.

ભારતીય સેના, જિલ્લા વહીવટી તંત્ર અને વિવિધ બચાવ એજન્સીઓના સંકલિત પ્રયાસોથી અનેક પરિવારોને નવી આશા મળી છે અને નવસારી ફરીથી સામાન્ય સ્થિતિ તરફ આગળ વધી રહ્યું છે.

# ચીખલી પંથકમાં પૂર બાદ હજુ પણ વીજળી ન મળતા લોકોમાં રોષ

**કેન્દ્રીય** મંત્રી પાટીલ અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સહિતનાએ મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવ્યો


ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી તાલુકામાં ગુરુવારના રોજ મેઘતાંડવ દરમિયાન અંબિકા, કાવેરી અને ખરેરા સહિતની લોકમાતાઓ ગાંડીતૂર બની વહેતા અનેક ગામોમાં તારાજી સર્જાઈ હતી. પૂરના પાણી ઓસરી ગયા બાદ આજે તંત્ર દ્વારા અલગ-અલગ ટીમો બનાવી નુકસાનીનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે, જે પૂર્ણ થયા બાદ ચોક્કસ નુકસાનીની વાસ્તવિક હકીકત બહાર આવશે. આ પૂરના કારણે હરણગામ, ખૂંધ, ચીખલી, સાદકપોર ગોલવાડ, તલાવચોરા, હોન્ડ અને ઘેજ સહિતના ૩૮ જેટલા ગામોમાં વ્યાપક નુકસાન થયું હતું. વહીવટી તંત્ર દ્વારા ત્રણ હજારથી વધુ લોકોને ૫૦ લાખ રૂપિયાથી વધુની રકમ કેશડોલ પેટે ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત, ઘરવખરી અને મકાનોના નુકસાનીના સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. પૂર બાદ લોકો પોતાના ઘરોની સાફસફાઈ કરી રહ્યા છે, પરંતુ તલાવચોરા સહિતના ગામોમાં ત્રીજા દિવસે પણ વીજપુરવઠો પૂર્વવત ન થતા પીવા માટે, પશુઓ માટે તથા સાફસફાઈ માટે પાણીનો ભારે દુકાળ પડ્યો હતો. વીજળીના અભાવે સાફસફાઈની કામગીરીમાં મોટી બાધા ઊભી થઈ હતી, જેને લઈને સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો હતો.

આજે ચીખલી રિવરફ્રન્ટ વિસ્તારમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને હોન્ડ ગામે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ તેમજ અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સ્થિતિનો તાગ મેળવ્યો હતો.


ગોરેશ ભોયે

# ડાંગનાં સાપુતારા-માલેગામ ઘાટમાર્ગ પર સંરક્ષણ દિવાલ ધરાશાયી

**સાપુતારા** પંથકમાં ધોધમાર વરસાદ વચ્ચે યુટર્ન પર સંરક્ષણ દિવાલ તૂટી પડતાં માર્ગ અત્યંત જોખમી

સાપુતારા : ડાંગ જિલ્લાના સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સાપુતારા નજીક આવેલા યુટર્ન વળાંક પર આવેલી સંરક્ષણ દિવાલ ધોધમાર વરસાદ વચ્ચે ધરાશાયી થઈ ગઈ છે. સુરક્ષા દિવાલ તૂટી પડતા આ ઘાટમાર્ગ હવે અત્યંત જોખમી બની ગયો છે અને કોઈપણ સમયે ગંભીર અકસ્માત સર્જાઈ શકે તેવી સ્થિતિ ઊભી થઈ છે. સાપુતારા વિસ્તારમાં વહેલી સવારથી જ ભારે વરસાદ વરસી રહ્યો છે. તેના કારણે ઘાટમાર્ગના અનેક સ્થળોએ માટીનો મલબો તથા પથ્થરો ધસી પડતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સૌથી ગંભીર સ્થિતિ યુટર્ન વળાંક પર સર્જાઈ છે, જ્યાં સુરક્ષા વોલ સંપૂર્ણપણે કડકભૂસ થઈ જતાં માર્ગની સુરક્ષા જ ખોરવાઈ ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, જો આ સ્થળે કોઈ ભારે વાહનનો બ્રેક નિષ્ફળ જાય તો વાહન સીધું ખીણમાં ખાબકી શકે છે. વધુ વરસાદ પડવાની સ્થિતિમાં માર્ગનું વધુ ધોવાણ થવાની અને વાહનવ્યવહાર સંપૂર્ણપણે અવરોધિત થવાની પણ ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ચોમાસુ શરૂ થતા જ ઘાટમાર્ગનાં ખીણ વિસ્તારમાં જમીન પોચી બનતા આ ઘટનાઓ બની રહી છે. આ બાબતે ડાંગ જિલ્લા વહીવટી તંત્રએ એક્શન મોડમાં આવી સુરક્ષા કર્મીઓને તૈનાત કરી દેવાયા હતા. ડાંગ જિલ્લા વહીવટી તંત્રની ટીમ દ્વારા વાહન વ્યવહાર પૂર્વરત રહે તે માટે જ્યાં સુરક્ષા દિવાલ કડકભૂસ થઈ હતી આ સ્થળે તુરંત જ જેસીબી જેવા સાધનો વડે વૈકલ્પિક વ્યવસ્થાની તજવીજ હાથ ધરી છે.

# ગણદેવીના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે કેન્દ્રીય મંત્રી પાટીલ

**સોનવાડી** અને ઉંડાચ ગામના પૂરપીડિતો સાથે સીધો સંવાદ કરી રાહત કીટ અને ખાદ્ય સામગ્રીનું વિતરણ કર્યું


કેરસી બારીયા

બીલીમોરા: ગણદેવી તાલુકામાં બે દિવસ અગાઉ અવિરત ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂર જેવી વિકટ પરિસ્થિતિ વચ્ચે શનિવારે સવારે કેન્દ્રીય કેબિનેટ મંત્રી સી.આર. પાટીલ અને રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

મંત્રીઓએ કલેક્ટર મનીષ ગુરવાનીએ બચાવ કામગીરી, સ્થળાંતર, રાહત વ્યવસ્થા અને પુનઃસ્થાપન માટે વહીવટીતંત્ર દ્વારા હાથ ધરાયેલા પગલાં અંગે માહિતી આપી હતી. ગણદેવી તાલુકાના સોનવાડી અને ઉંડાચ ગામના સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે પૂરપીડિતોને સહાય ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી. જરૂરિયાતમંદ પરિવારોને રાહત કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે પૂરના કારણે ઘરવખરી તેમજ પશુધનને થયેલા નુકસાન માટે સરકાર દ્વારા નિયત ધોરણો મુજબ સહાય ચૂકવવામાં આવશે, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, ભૂરાલાલ શાહ, શાંતિલાલ પટેલ, નિરાલી નાયક, અમીતા પટેલ, હેમલતા ચૌહાણ, પુષ્પા પટેલ, રશ્મિકા પટેલ, તેજશ પટેલ, મયંક પટેલ, સમીર પટેલ, શૈલેષ હળપતિ, સનમ પટેલ, સંદીપ નાયક તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખેરગામ તાલુકામાં ૨૪ કલાકમાં સવા ચાર ઇંચ વરસાદ

ખેરગામ : ખેરગામ તાલુકામાં સાંજે ચાર વાગ્યા સુધીમાં ૧૦૭ મીમી (૪.૨૮ ઈંચ) અને સિઝનનો કુલ ૮૮.૮૮ ઈંચ જેટલો થયો છે. જેના પગલે તાલુકાના 3 જેટલા માર્ગો 1. ચિમનપાડા મરઘમાળ રોડ 2. નંધાઈ વેદાશ્રમ થી ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ અને 3. બહેજ ફુતિખડક રોડ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે.

# વલસાડમાં પૂરગ્રસ્તોના પુનઃવસન માટે યુદ્ધના ધોરણે કામગીરી

**રવિવાર** સાંજ સુધીમાં સરવે પૂર્ણ કરી સહાય અપાશે

**જિલ્લામાં** 10 માનવ મૃત્યુ નોંધાયા; 20,843 લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરાયું

વલસાડ : વલસાડ જિલ્લામાં 4 દિવસ સતત વરસેલો વરસાદ અને ત્યારબાદ તંત્ર દ્વારા લેવાયેલા પગલાં સહિતના મુદ્દે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં કલેક્ટરે નીતિન સાંગવાને તંત્ર દ્વારા પુરગ્રસ્તોના પુનઃ સ્થાપન માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરાઈ છે. રવિવારે સાંજ સુધી સર્વેની કામગીરી પુર્ણ કરી, સહાયની ચુકવણી કરવામાં આવશે. તેમ જણાવી તંત્ર એકશન મોડમાં આવીને, પુરગ્રસ્તોને તાકીદે સહાય મળે તે માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં કુલ 10 માનવ મૃત્યુ નોંધાયા છે, 20843 લોકોનું સ્થળાંતર કરાયું હતું. જિલ્લામાં થયેલા નુકસાન માટે 150 જેટલી ટીમો દ્વારા સર્વે કામગીરી કરવામાં આવી રહી છે. જે 26 જુલાઈ સાંજ સુધીમાં પુર્ણ કરવામાં આવશે. ત્યારબાદ સહાય ચુકવવામાં આવશે. અસરગ્રસ્તોને મહત્તમ સહાય તેમના બેંક ખાતામાં સીધા જ જમા કરવામાં આવશે. જેમની પાસે ડોકયુમેન્ટ નથી અથવા પુર દરમિયાન નુકસાન થયું હોય તેઓને તપાસ કરીને માનવતાના ધોરણે સહાય ચુકવવામાં આવશે. છીપવાડમાં થયેલા અનાજના નુકસાનના નિકાલ સંદર્ભે કલેકટરે જણાવ્યું હતું કે, ઈન્સ્યોરન્સ કંપનીઓ દ્વારા સત્વરે સર્વે કરવામાં આવે તે માટેની સુચનાઓ આપવામાં આવી છે. પોલીસ વિભાગે 1 હજારથી વધુ લોકોના રેસ્કયુ કર્યા છે. એન.ડી.આર.એફ અને એસ.ડી.આર.સેફ દ્વારા પણ દર્શનીય કામગીરી થઈ છે. માર્ગ મકાન વિભાગ દ્વારા 354 થી વધુ રસ્તાઓ શરૂ કરાયા છે, 181 ટીમો દ્વારા કામગીરી કરી 224318 વીજ ગ્રાહકોનો બંધ વીજ સપ્લાઈ શરૂ કરી દેવાયો છે. જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા ઉપસ્થિતિ રહ્યા હતા. વલસાડ જિલ્લામાં અતિ ભારે વરસાદને લઈ કુલ 10 માનવ મૃત્યુ નોંધાયા છે. જેમાં ધરમપુર તાલુકામાં 2, પારડી તાલુકામાં 2, વલસાડ તાલુકામાં 2, કપરાડા તાલુકામાં 1, નાનાપોંઢા તાલુકામાં 2 અને ઉમરગામ તાલુકામાં 1 નો સમાવેશ થાય છે.


અમૃત પટેલ

# પારડીના પોણીયા વિસ્તારમાં પૂરગ્રસ્તોની મુલાકાતે અગ્રણીઓ

**અસરગ્રસ્ત** ગરીબ પરિવારોને રાશન અને આવશ્યક સામગ્રીની કિટનું વિતરણ કરવામાં આવ્યું

પારડી : પારડીના પોણીયા વિસ્તારમાં ભારે વરસાદને કારણે રહેવાસીઓને મોટું નુકસાન પહોંચ્યું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નેતાઓ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે પહોંચ્યા હતા.

અતિભારે વરસાદને કારણે અનેક ઘરોમાં પાણી ભરાઈ જતાં ગરીબ પરિવારોને વ્યાપક નુકસાન થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, નાણામંત્રી કનુભાઈ દેસાઈ તેમજ નવસારીના સાંસદ ધવલ પટેલ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમની સાથે વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા, પારડી પાલિકા પ્રમુખ ચેતન નાયકા, ચીફ ઓફિસર કોમલબેન, કારોબારી ચેરમેન ચેતન ભંડારી, બાંધકામ ચેરમેન પ્રણવ દેસાઈ, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ સહિતના ચૂંટાયેલા સભ્યો, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

**એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે**
૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં સોલાર પ્રોજેક્ટ માટે
ડોલવણ: ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર, પાટી, પાઠકવાડી, સિંઘાઈ (૨૨ થી ૨૫ વીંઘા)
અનેક અલગ ખેડૂતો, અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.
મોબાઈલ નંબર: ૯૭૧૨૩ ૯૯૫૧૬

APPENDIX-IV
POSSESSION NOTICE
(For Immovable property/ ies)
(Rule 8(1) of the Security Interest (Enforcement) Rules, 2002)

Whereas,
The undersigned being the Authorized Officer of the Gujarat Gramin Bank under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of powers conferred under section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated 14/05/2026, calling upon the Borrower Shri Mr. Nitinkumar Ishvarbhai Patel & Mrs. Archanaben Gulabbhai Patel to repay the amount mentioned in the notice being Rs. 1,78,729.28/- (Rupees One Lakh Seventy-Eight Thousand Seven Hundred Twenty-Nine and Twenty-Eight Paise Only)+ Interest reversal Rs. 4,693.00/- as on 04-05-2026 together with further interest thereon at the contractual rate plus costs, charges and expenses till date of payment within 60 days from the date of receipt of the said notice.
The Borrower having failed to repay the amount, notice is hereby given to the Borrower and the Public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of the Act read with Rule 8 of the Security Interest Enforcement Rules, 2002 on this the 18th day of July of the year 2026.
The Borrower/Guarantors/Mortgagors in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property/ies will be subject to the charge of Gujarat Gramin Bank for an amount of being Rs. 1,78,729.28/- (Rupees One Lakh Seventy-Eight Thousand Seven Hundred Twenty-Nine and Twenty-Eight Paise Only)+ Interest reversal Rs. 4,693.00/- as on 04-05-2026 and further interest thereon at the contractual rate plus costs, charges and expenses till date of payment.
The Borrower's attention is invited to provision of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.
**Description of the Immovable Property**
All the piece and parcels of Property bearing Flat No. 202, Municipal House No. 1625/1/202, admeasuring 77.41 Sq. Mts., on 2nd floor of Sairam Complex upon New R. S.No. 3438 (Old R.S.No.584/P.3/2) which is situated at Dharampur, Hathikhana, Tal. Dharampur, Dist. Valsad which belongs to Mr. Nitin Ishvarbhai Patel and Mrs. Archanaben Gulabbhai Patel
Bounded:
On the North by open Land
On the South by Passage
On the East by Flat No. 203
On the West by Flat No. 201
Date: 18-07-2026
Place: Dharampur
(M V Shah)
Authorised Officer

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
+(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**જોઈએ છે**
D.T.P કોમ્પ્યુટર ઓપરેટર ૧૦ થી ૧૫ વર્ષનો અનુભવ જરૂરી. મો. 8530550016

**સુરત રેસ્ટોરન્ટ**
માટે અનુભવી કારીગર જોઈએ છે કોલ 9898078652

**ખુશાલભાઈ જ્વેલર્સને**
જોઈએ છે સિનીયર એકાઉન્ટન્ટ. કોમ્પ્યુટર ઉપર ફાઈનલ એકાઉન્ટ સુધીનું સંપૂર્ણ જ્ઞાન જરૂરી. કોમર્સ ગ્રેજ્યુએટ હોવા સાથે મિનિમમ 2 વર્ષનો અનુભવ હોવો જરૂરી. લાયકાત ધરાવનાર ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. ખુશાલભાઈ જ્વેલર્સ, અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લેપોઈન્ટ, સુરત. MO: 8160859341 (228)

લગ્ન વિષયક

**પટેલ સિવિલ એન્જિનિયર**
58 વર્ષ 5'4" ડિવોર્સ્ડ 1 બાળક, વિધવા, ત્યક્તા આવકાર્ય 9099735794

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કંપનીની સાદી,**
એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલર: સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા. 9974094855

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ. 1500/- આલીશાન, ભવાનીવડ, હરીપુરા, સુરત

**પ્લોટ ફાયદાથી વેચવાનો છે**
આત્મીયવિલા સોસાયટી, કામરેજ
Mo.9925024239

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**સરળ હપ્તેથી ન્યુ**
અલથાણમાં ફ્લેટના ભાવમાં બંગલા લાયક પ્લોટના માલિક બનો. લોન થશે. 8160763127 (226)

**મોજે મોરા ગામ**
વિજયા લક્ષ્મી વાટિકા સોસાયટી મા 03+02 પ્લોટ બાંધકામ સાથે વેચવાના છે, ગ્રાઉન્ડ +3 નું બાંધકામ 31+23 રૂમ સ્વતંત્ર ટોઈલેટ અને બાથરૂમ ની સુવિધા સાથે, આર સી સી રોડ, ગટ્ટર, અંડર ગ્રાઉન્ડ ઈલેક્ટ્રિક કનેક્શન, મીઠા પાણીની ટાંકી, લોઅનેબલ ટાઈટલ ક્લીઅર અને અદ્યતન સુવિધા સાથે. M. 9327615071 (227)

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**ફ્લેટ ભાડે**
આપવાનો છે 3 BHK જહાંગીરાબાદ ડી.માર્ટની બાજુમાં રોડસાઈડ 9227500420

**વકીલ, CA,**
આર્કિટિક, ટ્રાવેલ્સ વગેરે લાયક ઓફિસ વેચવાની છે પાર્લે પોઈન્ટ મેઈન રોડ 9879276073

મિલ્કત ભાડે -વેચાણ

**પાલ અડાજણમાં**
રહેવા લાયક ફ્લેટ/ રોહાઉસ વ્યાજબી કિંમતે વેચાણ /ભાડે આપવાનું 8160763127 (225)

**મહિધરપુરા,**
હરિપુરા, રામપુરામાં ફ્લેટ, પ્લોટ, મકાન લે- વેચ ભાડે માટે મળો. 9879276073

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. (ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર, ઘૃષ્ણેશ્વર) (અષ્ટવિનાયક સાથે દગડુ શેઠ ગણપતિ) (શ્રાવણમાં 12 મહાદેવ) (સાપુતારા) અજય 7802062340 (229)

**પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.**
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, નિસલ સર્કલ પાસે
9712979399

**ક્ષેત્રપાળ ટૂર્સ.**
(ઓગસ્ટ, સપ્ટેમ્બર અને દિવાળી વેકેશન પ્રવાસો) (ભુતાન 07 રાત્રી 08 દિવસ. જતા- આવતા ફ્લાઈટ 09-09) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 15-08, 31-08) (કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી 05-09, 12-11) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, મદુરાઈ, રામેશ્વર, તિરૂપતિ 14-08) (હૈદરાબાદ રામોજી, શ્રીશૈલમ 15-08, 13-09, 14-11) (નેપાળ, પોખરા, કાઠમંડુ, મુક્તિનાથ 06-09, 13-11) (વારાણસી, બૌધગયા, બૈજનાથ, ઝારખંડ 27-09) (સ્પેશિયલ કેરાલા 07-11, 14-11) સુરેશભાઈ પુરોહિત. 9825105053

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.